THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः    तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-7    July–2022    No. 62

## અનુક્રમણિકા


1. **૧૦૧ મા વર્ષની સફરમાં...**
   દરિયાપારનો આનંદ ..................................શ્રી હર્ષવદન શેઠ 3
2. ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................શ્રી ધવલ શેઠ 5
3. સ્મૃતિ સંપુટનાં વીણેલાં મોતી
   'સનાતન ધર્મ' (હાઈસ્કૂલ) ........................શ્રી સહદેવ ઠક્કર 8
4. જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે જ .....................શ્રી કાન્તિભાઈ પટેલ 10
5. વરૂણ દેવતા, તેની મહત્તા :
   પ્રાચીન તથા અર્વાચીન ..............................ડો. શ્રી ઋતુરાજ પંડ્યા 11
6. જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ ..શ્રી હર્ષદ દવે 13
7. 'એક પગલું આગળ' — આગે કદમ ............પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા 15
8. ૧૦૧ મા વર્ષની સફરના સાથી બુઝુર્ગ યુવાન —
   શ્રી દેવદત્તભાઈની જીવનગાથા .....................ડો. અશોકભાઈ ઉપાધ્યાય 16
9. ઇન્ડિયન સેક્ષનનો અગત્યનો સંદેશ .............શ્રી દર્શન મોદી 17
10. શાખા સમાચાર ....................................... 19
11. આપણો પુસ્તક પ્રેમ ..................................શ્રી પ્રવિણ માંડલિયા 20


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. — તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

## ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

**☛ બુક સ્ટોલ મેનેજર ☚**

શ્રી પ્રવિણભાઈ માંડલિયા
સી/૩૧૧, કેસરીયા હનુમાન રોડ,
એમ.જી.ટી. ટ્યુશન ક્લાસ પાછળ,
શ્રી રામનગર, કાળિયાબીડ, ભાવનગર - ૩૬૪૦૦૧૨
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭

**☛ પ્રમુખશ્રીનું સરનામું ☚**

શ્રી નરેશભાઈ એ.ત્રિવેદી
૩૦૫, નંદનવન એપાર્ટમેન્ટ, સરદારબાગ સામે,
જુનાગઢ-૩૬૨૦૦૧ મો. : ૯૮૭૯૦ ૬૫૨૦૦

## ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪
E-mail-gtfsecretory@gmail.com

## થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

**"થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર**

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

**"થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર**

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**

Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# ૧૦૧ મા વર્ષની સફરમાં... દરિયાપારનો આનંદ

સંપાદકીય

પ્રસ્તુતિ
**શ્રી હર્ષવદન શેઠ**

પૂર્વ અને મધ્ય આફ્રિકન સેક્ષનની નૈરોબી લોજ 'થિયોસોફિક જ્યોતિ'ની શતાબ્દિ સફરને બિરદાવે છે અને અભિનંદન પાઠવે છે. પૂર્વ અને મધ્ય આફ્રિકન સેક્ષનનાં જનરલ સેક્રેટરી શ્રી નરેન્દ્રભાઈ શાહે જૂન ૧૬મી એ ઇ–મેઇલ મોકલ્યો છે જે આ પ્રમાણે છે.

''વ્હાલા બંધુશ્રી હર્ષવદન શેઠ... નૈરોબી લોજની શુભેચ્છાઓ... હું ગુજરાતી બોલી શકું છું પરંતુ સારું એવું વાંચી શકતો નથી. દર મહિને આપશ્રી અને ''થિયોસોફિક જ્યોતિ'' ખૂબ જ નિયમિત રીતે મોકલો છો તે માટે હૃદયપૂર્વકનો આભાર... હું દરેક લેખ વાંચું છું, દરેક શીર્ષક જોઈ જાઉં છું. આવું સુંદર મેગેઝીન દર મહિને પ્રકાશિત કરવા બદલ તમને અને તમારી સમગ્ર ટીમને અભિનંદન ! બધાં જ લેખો અત્યંત કાળજીપૂર્વક પ્રકાશિત થયાં હોય છે અને મને લેખોનું વૈવિધ્ય ખૂબ જ પસંદ પડે છે.''



જન. સેક્રે.શ્રી નરેન્દ્ર શાહ તથા શ્રી નવીન બી. શાહ

''હું આપને ખાત્રીપૂર્વક જણાવું છું કે અમારા સેક્ષનમાં હજુયે ઘણાં સભ્યો ગુજરાતી જાણનાર અને બોલનાર અને વાચકો છે. તેઓ બધા આપની પાસેથી મેગેઝીન પ્રાપ્ત થતાં જ હમેશાં આનંદ અનુભવે છે. અમારાં સૌથી સીનીયર સભ્ય શ્રી નવીનભાઈ બી. શાહ હમેશાં 'થિયોસોફિક જ્યોતિ' વાંચે છે અને ઘણીવાર અમારી ગુજરાતી લોજોની મીટીંગોમાં રસપ્રદ એવાં લેખોની રજૂઆત કરીને વાર્તાલાપ આપે છે. આપશ્રીના આભાર સહ વિરમું છું.''



નૈરોબી લોજના ચેરપર્સન સુશ્રી રેખા શાહ તથા નૈરોબી લોજ મંત્રી સુશ્રી અરુણા મેન્ડન

પૂર્વ અને મધ્ય આફ્રિકાના અતિ સંનિષ્ઠ, પરગજુ તથા સિનિયર સભ્ય તથા કન્વીનર શ્રી નવીનભાઈ બી. શાહે જૂન ૪ ના રોજ સેક્ષનનાં ૪૯માં કન્વેન્શન તથા સેક્ષનની સ્થાપનાનાં ૭૫માં વર્ષની ઉજવણી પ્રસંગનો અહેવાલ તથા ફોટાઓ 'થિયોસોફિક જ્યોતિ' માટે ઈ-મેઈલથી મોકલાવ્યાં છે. જેમાનાં કેટલાંક ફોટાઓ આપ સો વાચક સભ્યો માટે આ લેખમાં સમાવિષ્ટ છે.



શ્રી વિરચંદ એમ. શાહ... મદદનીશ જન. સેક્રે. યુગાન્ડા અને નાઈલ લોજના પ્રમુખ

ગુજરાત થિયો. ફેડ.નો પૂર્વ અને મધ્ય આફ્રિકન સેક્ષન સાથે ઘણો જૂનો સંબંધ છે. મેગેઝીનના ૧૦૧માં વર્ષની સફરમાં ચાલો આપણે આ સંબંધના તાણા-વાણાને સ્પર્શીએ. આફ્રિકન દેશોમાં જ્યાં જ્યાં લોજોની સ્થાપના થઈ તેમાં મુખ્યત્વે નૈરોબી, દારે સલામ, ઝામ્બિયા, યુગાન્ડા, કેન્યા વગેરે છે ત્યાંથી

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**


નૈરોબી લોજના ઉપપ્રમુખશ્રી નિલેશ શાહ, ટ્રેજરર શ્રી મનસુખ ખીમાશીયા અને મંત્રી શ્રી વિમલ શાહ

ઘણા પ્રચલિત અને પુરુષાર્થી સભ્યો ગુજરાતમાં સ્થાયી થઈને ફેડ.ના કાર્યમાં ખૂબ જ ઉપયોગી બન્યા. જેઓને હું જાણું છું તેઓમાં સ્વ. હરકીશનભાઈ શાહ, સ્વ. જયંતિભાઈ શાહ, સ્વ. હર્ષદભાઈ પટેલ, સ્વ. જશભાઈ અમીન, સ્વ. બાબુભાઈ રાણા વગેરે હતાં. આ સિવાય ગુજરાતનાં અન્ય સભ્યોના પરિચયમાં પણ કેટલાંક મહાનુભાવો હશે જ. આફ્રિકાથી પરત આવીને આ સભ્યો ભાવનગર, વડોદરા, સુરત, વલસાડ, વાપી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગોધરા વગેરે શહેરોમાં સ્થાયી થયેલાં અને થિયોસોફિક પ્રવૃત્તિઓમાં 'જ્યોતિ'ના પ્રકાશનમાં અત્યંત નોંધપાત્ર યોગદાન આપેલું છે. આજે ૧૦૧માં વર્ષની સફરમાં તે સૌ સ્વર્ગસ્થ સભ્યોને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરીએ અને આભારી બનીએ. જે સભ્યો આજે હયાત છે તેઓ પાસેથી પણ પ્રેરણાનો પ્રકાશ પામીએ તેવી અભ્યર્થના !

• • •

("એક પગલું..... પાના-૧૫ ઉપરથી ચાલુ)

આત્મસંતોષનો અહેસાસ નથી થતો ? કેવું આશ્ચર્યજનક કામ ! આ એક મહાન સત્ય છે તથા થિયોસોફિસ્ટ સભ્યો માટેનું એક ભવ્ય રહસ્ય – કે સાચું સુખ – કે કદાચ માનવીઓની ગહનમત એષણા – ઊંડી ઈચ્છા – તો ફક્ત અન્યને મદદ કરવાથી જ સહેલાઈથી સિદ્ધ થાય છે.

મને ચોક્કસ યાદ છે કે જ્યારે મેં થિયોસોફિકલ સોસાયટીમાં પ્રવેશ કર્યો ત્યારે મને એવા સમાન–વિચારના લોકો સાથે કામ કરવાની તક મળી કે જેઓ સમાજની ભૌતિક તેમજ આધ્યાત્મિક જરૂરતો સંતોષવાના કાર્યમાં મારા જેવી સમાન લાગણી ધરાવતા હતા. આવી લાગણીથી મારાં કાર્યને બળ મળ્યું. માત્ર થિયોસોફિકલ સોસાયટી જ એવું સ્થાન પૂરું પાડે છે જેમાં વ્યક્તિ જુદા જુદા લોકો પાસેથી વિશિષ્ટ યોગદાન મેળવી શકે, જેવાં કે સમયનું દાન, ધનનું દાન અથવા ઉચ્ચ આધ્યાત્મિક માર્ગદર્શન, જેના દ્વારા સમાજની જરૂરતોને પહોંચી વળી શકાય. અહીં તો કાર્યરત છે પાયાનું તત્વજ્ઞાન જેમાં **Service above self** – સેવામાં સ્વનું વિલીનીકરણ છે જે પરિચય દ્વારા પોષાય છે, તેની મારા પર ઘેરી અસર પડી.

ભૌગોલિક સરહદો, રાષ્ટ્રો અને ઉપખંડોની પાર નીકળી જતું આ સેવાકાર્યનું સંગઠન સાચે જ અદ્‌ભૂત છે. તેમાં જોડાયેલા પ્રત્યેક વ્યક્તિનું હું મૌનથી અભિવાદન કરું છું. આવા સંગઠનમાં સામેલ થવાનું ગૌરવ પ્રત્યેક વ્યક્તિ અનુભવી શકે, જે દ્વારા વ્યક્તિને પોતાનું મહત્ત્વ સમજાય તથા સાથે સાથે જ પોતાનું કશું જ વ્યક્તિગત મહત્ત્વ નથી તે પણ સમજાય, જે અંતે વ્યક્તિને તેનું અભિમાન (ગર્વ) અને વિનમ્રતા વચ્ચે સમતુલા **(balance)** સાધવાની જરૂરત પણ સમજાવે.

સેવાના હેતુથી જ સેવા કરવી, ના કે સેવા કરવાથી મળતા આનંદનો હેતુ હોય તેવી સેવા – આ એક આગે કદમ ભરવા જેવું છે – એક ડગલું આગળ – જે અંતે આપણને તે સમતુલા સાધવાનું શીખવે છે. જેના દ્વારા આપણે વધુ ને વધુ સેવા કરવા પ્રેરાઈએ છીએ.

(મો. : ૯૭૨૭૭૬૧૩૮૦)

• • •

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

## ન દેખાતાં લોકોની આપણા પર અસર

### પુસ્તક લખવું

આ સમય દરમિયાન એરિન્ઝિમાનનાં લગ્ન દુર્ભાગ્યવશ તેને લાયક ન હોય તેવી સ્ત્રી સાથે થાય છે. તે હંમેશા એરિન્ઝિમાનને કોસતી રહેતી. ધીરે ધીરે તે રાજાની ખાસ બનતી જાય છે અને રાજા તેના તરફ આકર્ષિત થાય છે. પોતાની ગૂઢ દૃષ્ટિ દ્વારા એરિન્ઝિમાનને આ વાતનો ખ્યાલ આવી જાય છે. ઈર્ષ્યાથી પીડાઈને ક્રોધાવેશમાં આવીને એરિન્ઝિમાન એસ્ટ્રલ વસ્તુઓ દ્વારા રાજાને મારી નાંખે છે. પોતે રાજાનો અનૌરસ સંતાન હોવાથી એરિન્ઝિમાન રાજગાદી પર પોતાનો દાવો કરીને પોતે રાજા બની જાય છે. પરંતુ થોડો સમય રાજ કર્યા બાદ બીજા એક હક્કદાર દ્વારા એરિન્ઝિમાનની હત્યા કરવામાં આવે છે.

બાકીનું પુસ્તક એસ્ટ્રલ જગતમાં એરિન્ઝિમાનનાં અનુભવોને વર્ણવે છે. એસ્ટ્રલ જીવનની શરૂઆતમાં એરિન્ઝિમાન ઈર્ષ્યા અને નફરતથી ભરેલો હોય છે. તે બદલો લેવા માટે દરેક પ્રકારની ભયાનક વસ્તુઓનો સહારો લે છે. પરંતુ ધીમે ધીમે તેની અંદરની સારપ બહાર આવે છે. તે ઈજા કરવાના બદલે મદદ કરતો થઈ જાય છે. ત્યારબાદ એક લાંબા અને પરિશ્રમભર્યા વિકાસનાં માર્ગ પર તેને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે.

આ બધું કેટલી હદ સુધી સાચું હોઈ શકે છે ? શું આપણે તેને સંપૂર્ણપણે અથવા તો મહદ્અંશે એક આત્મકથા ગણવી જોઈએ કે પછી એક પરિકલ્પના ગણવી જોઈએ ? આપણે એટલું તો ચોક્કસપણે કહી શકીએ કે જો તે સાચું ન પણ હોય તો પણ સારી રીતે લખાયેલું છે. વાર્તાની ભૂમિકાની વાત કરીએ તો ક્રિશ્ચીયન યુગ પહેલાની પાંચમી સદીમાં પાર્શિયામાં શું બન્યું તેના આપણી પાસે ખૂબ જ અલ્પ પૂરાવાઓ છે. પરંતુ એરિન્ઝિમાન જે લખે છે તેની સાથે તે સમયનો ખંડિત ઈતિહાસ યોગ્ય રીતે બંધ બેસે છે. વસ્તુઓની ગૂઢ બાજુનો અભ્યાસ કરનાર પોતાનું ધ્યાન મુખ્ય રીતે એસ્ટ્રલ અનુભવો પર કેન્દ્રિત કરશે. આ એસ્ટ્રલ અનુભવો માટે થઈને જ આ પુસ્તક લખાવાયું છે. અભ્યાસુ એટલી જ ઈચ્છા રાખશે કે ગૂઢ જ્ઞાનનાં દૃષ્ટિકોણથી આ બાબતની સચ્ચાઈ કેટલી હદ સુધી નક્કી કરી શકાય.

જેણે આ બાબતનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરેલો છે તેઓ સૌ પ્રથમ તો તેવું કબૂલ કરશે જ કે આત્માનાં આ ભવ્ય વિજ્ઞાનની બાબતે આપણે હજુ પણ જ્ઞાનનાં વિશાળ મહાસાગરનાં કિનારે માત્ર નાનાં કાંકરો જ પકડી શક્યા છીએ. આપણને જે કંઈ પણ માહિતી છે તે હજુ પણ સંપૂર્ણ નથી. એસ્ટ્રલ જગતની વિવિધતા એટલી વિશાળ છે કે કોઈ પણ બાબત અશક્ય છે તે કહેવું ભૂલ ભરેલું છે. તેમ છતાંય અમુક ચોક્કસ નિયમો પ્રસ્થાપિત થયેલાં છે. એરિન્ઝિમાનની વાર્તા આમાનાં અમુક નિયમોનો ભંગ કરે છે. જો એરિન્ઝિમાનની વાર્તા કાલ્પનિક હોય તો તે ઘણી જ

સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર

સારી છે, પરંતુ જો એરિન્ઝિમાન પોતાના વર્ણનોમાં પ્રામાણિક હોય તો ઘણી બાબતોમાં તે પ્રસ્થાપિત તથ્યોથી વિરોધાભાસી છે.

સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે શું એસ્ટ્રલ જગતમાં ૨૩૦૦ વર્ષ સુધી રહેવું શક્ય છે કે જ્યારે સામાન્ય મનુષ્યનો સરેરાશ ગાળો ૨૦ થી ૩૦ વર્ષનો હોય છે. એ વાત સાચી છે કે પ્રબળ ઈચ્છા શક્તિવાળો મનુષ્ય પોતાની ઈચ્છાઓને મજબૂત બનાવીને પોતાનું એસ્ટ્રલ જીવન લંબાવી શકે છે અને એવી રીતે તે પોતાની બધી જ તાકાત પોતાના નીચલા સ્તર પર કેન્દ્રીત કરી દે છે. કંઈક આવું જ એરિન્ઝિમાન પોતાની સાથે કરે છે. એવા કિસ્સાઓ જાણીતા છે કે જેમાં મજબૂત ઈચ્છા શક્તિવાળા લોકો એસ્ટ્રલ જગતમાં ૩૦૦ થી ૪૦૦ વર્ષો સુધી રહ્યાં હોય પરંતુ એરિન્ઝિમાન સદીઓ સુધી એસ્ટ્રલ જગતમાં રહેવાની વાત કરે છે તેવું જોવા મળ્યું નથી. એ વાત પણ સ્પષ્ટ છે કે તે પોતાને કોઈ પણ રીતે ખાસ ગણતો નથી. તે એવાં ઘણાં મિત્રો અને સાથીઓ વિષે જણાવે છે કે જેઓ તેની સાથે હોય. વિકાસક્રમમાં તેઓ એરિન્ઝિમાનથી આગળ કે પાછળ હોઈ શકે છે. જો એરિન્ઝિમાનની વાર્તાને આપણે પ્રાથમિક ગણીએ તો તેને આપણે મૃત્યુ બાદની એક સદીમાં તે કેવી પરિસ્થિતિઓમાંથી પસાર થયો હશે તેને વર્ણવવાનાં એક પ્રયાસ તરીકે જ ગણવું જોઈએ.

ભલે એરિન્ઝિમાન ગૂઢ જ્ઞાન માટે આતૂર હતો પરંતુ તેને આધ્યાત્મિકતા તરફ આકર્ષણ નહોતું. બાળપણમાં તેને આધ્યાત્મિકતા તરફ થોડું આકર્ષણ હતું. તેના કર્મો મહત્ત્વાકાંક્ષા, આવેગ અને બદલાથી પ્રેરાયેલા હતાં અને તેનું જીવન હિંસાથી ભરેલું હતું. આ બધાં પાસાઓને જોતાં તેનું એસ્ટ્રલ જીવન લાંબુ અને મુશ્કેલીઓથી ભરેલું હોવું જોઈએ. તેના એસ્ટ્રલ જીવનનો શરૂઆતનો ભાગ ખૂબ જ અપ્રિય હોવો જોઈએ. ધીરે ધીરે તેનામાંથી આવેગ ઓછો થતો જાય છે અને તેના સ્વભાવની સારપ બહાર આવા લાગે છે. તેને પ્રગતિ કરવા માટે સારી તકો મળવા લાગે છે.

એરિન્ઝિમાન આ બધું જ વર્ણવે છે, પરંતુ આ વર્ણવવા માટે તે ઘણાં બધાં રૂપકનો ઉપયોગ કરે છે અને તેનાથી જ ગેરસમજ ઊભી થાય છે. તેણે વર્ણવેલો ૨૩૦૦ વર્ષોનો સમયગાળો કદાચ ૪૦ કે ૫૦ વર્ષોનો પણ હોઈ શકે. આપણે તે ભૂલવું ન જોઈએ કે પાર્થિવ જગતમાં વપરાતી સમય-માપનની સામાન્ય પદ્ધતિઓ એસ્ટ્રલ જગતમાં કામ કરતી નથી. પાર્થિવ જગતમાં પણ અમુક કલાકોનું દુઃખ કે પીડા અનંત જેવી લાગતી હોય છે ત્યારે એસ્ટ્રલ જગતમાં તો તે સો ગણી વધી જવી જોઈએ. કેમ કે આ જગત લાગણીઓ અને આવેગોનું જ બનેલું છે. આથી જ એરિન્ઝિમાનને એસ્ટ્રલ જગતનો પોતાનો સમયગાળો ૨૩૦૦ વર્ષોનો લાગ્યો હોઈ શકે છે.

જો એરિન્ઝિમાન ૨૩૦૦ વર્ષો સુધી એસ્ટ્રલ જગતમાં રહ્યો હોય તો પ્રશ્ન એ થાય છે કે આટલા બધાં વર્ષો સુધી તેણે શું કર્યું હશે ? સી. ડબ્લ્યુ લેડબીટરને એરિન્ઝિમાન સાથે વ્યક્તિગત પરિચય થયેલો નહોતો, પરંતુ તેમની તપાસમાં આવો જ એક કિસ્સો આવેલો કે જે આ બાબત પર કોઈ પ્રકાશ પાડી શકે.

સી. ડબ્લ્યુ. લેડબીટર પાસે એક સ્ત્રી આવેલી કે જેણે તેમને જણાવ્યું કે તેનો 'સ્પીરીટ ગાઈડ' એ પ્રાચીન ઈજિપ્તનો કોઈ પાદરી હતો. ભલે તેણે આપેલી સલાહો સારી હતી અને તેની શિક્ષા એકદમ સચોટ હતી પરંતુ આટલો ઉચ્ચ દરજ્જાનો વ્યક્તિ પાર્થિવ જગતના એકદમ

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

સામાન્ય મનુષ્યનો 'સ્પીરીટ ગાઈડ' બને તો તેની પાછળ ચોક્કસ કોઈ કારણ તો હોવું જ જોઈએ. જ્યારે લેડબીટર સાહેબ આ પાદરીને મળ્યાં તો તેમને જણાયું કે તેને તો ઈજિપ્શીયન રાઈટની ગૂઢ વિદ્યાઓમાં અમુક સ્તર સુધીની દિક્ષાઓ મળેલી છે. આથી જ તેમને આશ્ચર્ય થયું કે કેમ આ પાદરી એસ્ટ્રલ જગતમાં હજુ પણ પ્રવૃત્ત છે. વધુ તપાસ કરતા તેમને જણાયું કે ઈજિપ્શીયન પાદરી તરીકે મૃત્યુ પામ્યા બાદ તેનો ફરીથી જન્મ થયો હતો. આ જન્મમાં તેણે પોતાનું જીવન એક ધાર્મિક મઠની દિવાલોની વચ્ચે કંટાળાજનક રીતે અને અસંતોષકારક રીતે વ્યતિત કર્યું હતું. તે આ જીવનમાં તેના અગાઉનાં અમુક કર્મોનું રૂણ ચૂકવી રહ્યો હતો. પરંતુ મૃત્યુ બાદ અમુક સંજોગો તેને તેનાં જૂનાં ઈજિપ્શીયન વિચાર પ્રવાહોનાં સંપર્કમાં લઈ આવે છે.

તરત જ તેની ચેતનામાં તેનાં આગળનાં જીવનની યાદો તાજી થઈ જાય છે. તેના નિરસ મઠનાં જીવનની સામે તેને આ યાદો એટલી આબેહૂબ અને વાસ્તવિક લાગે છે કે તેને વ્યતિત કરેલું મઠનું જીવન એક દુઃસ્વપ્ન જેવું લાગવા લાગે છે. તે પોતાનું મઠમાં વ્યતિત કરેલું એ જીવન સદંતર ભૂલી જ ગયો. આથી જ તે પોતાને ઈજિપ્શીયન પાદરી ગણાવતો હતો તે બાબતે તે પ્રામાણિક જ હતો. એરિન્ઝિમાનનો કિસ્સો પણ આના જેવો હોઈ શકે છે. (ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

---

(વરૂણ દેવતા..... પાના-૧૨ ઉપરથી ચાલુ)

એક અદ્‌ભૂત રહસ્યમય તત્ત્વ કહે છે જે માણસને પોતાનો દૃષ્ટિકોણ બદલવા મજબૂત કરે છે. તેના ઘણા રહસ્યો હજી વણઉકેલ્યા છે. મગજમાં પણ ૧૦% પાણી જ છે. ગંગા નદીના પાણી ઉપર ઘણાં રિસર્ચ થયેલ છે. જેનું બંધારણ સાધારણ પાણીથી ખૂબ જ ઉચ્ચકક્ષાનું જણાયું છે. ડૉ. ફુજીતોએ અલગ અલગ વિચારસરણીવાળા પાંચ વ્યક્તિઓને એક એક ગ્લાસ પાણી આપીને તે વિશે કંઈક વિચાર કરવાનું કહ્યું. ત્યારબાદ તે દરેક પાણીના સેમ્પલને ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપથી તપાસ કરતાં પાણીના ક્રિસ્ટલ જેઓએ પવિત્ર વિચાર કર્યા હતા તેઓના પાણીના ક્રિસ્ટલોએ સુંદર ફુલ જેવી આકૃતિ બનાવેલ અને જેઓએ બીજા વિચાર કરેલ તેઓના પાણીના ક્રિસ્ટલોની આકૃતિ બેડોળ ઢંગ વગરની હતી. આ ઉપરથી આપણા વિચારોની પણ પાણી ઉપર શી અસર થાય છે તે જણાયું.

શુદ્ધ હૃદય / મનથી તથા અહોભાવથી પ્રાર્થનાપૂર્વક પીવામાં આવેલ પાણીથી અદ્‌ભૂત ચમત્કારો સર્જાયાના દાખલા છે. પાણી ક્યાંથી, કેવી રીતે આવ્યું ? અને કેવી રીતે બને છે ? તે આજે પણ વિજ્ઞાન માટે રહસ્ય છે.

દુનિયાના દરેક ધર્મોમાં પાણીની દિવ્યતાનો જુદી જુદી રીતે સ્વીકાર થયો છે. પાણી દરેકની ભાષા સમજે છે પણ મનુષ્ય પાણીની ભાષા સમજી ક્યારે તેને ડીકોડ કરી શકશે ? તે તમે પાણી સાથે કેવો વ્યવહાર / સંબંધ રાખો છો તેની પર આધાર રાખે છે. માટે આપણા વેદ / પુરાણોમાં પાણીનાં વરૂણ દેવતા રૂપે આટઆટલા ગુણગાન ગવાયેલ છે તે અમસ્તુ નથી.

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)

• • •

---

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

# સ્મૃતિ સંપુટનાં વીણેલાં મોતી

## 'સનાતન ધર્મ' (હાઈસ્કૂલ)

*પ્રસ્તુતિ*
શ્રી સહદેવ ઠક્કર
*ભાવનગર લોજ*

ભાવનગરમાં એક બહુ જૂની હાઈસ્કૂલ છે. તેનું નામ સનાતન ધર્મ હાઈસ્કૂલ. તે સ્થપાઈ ૧૯૦૫માં. પણ તેના મૂળિયા પહોંચે છે સેન્ટ્રલ હિન્દુ સ્કૂલ સુધી, જે ૧૮૯૮માં ડોક્ટર એની બેસન્ટ દ્વારા સ્થાપવામાં આવી હતી બનારસમાં. તેમાંથી જ આગળ જતાં સેન્ટ્રલ હિન્દુ કોલેજ બની અને તે સંસ્થા ડોક્ટર બેસન્ટે, પંડિત મદન મોહન માલવીયાને ભેટ કરી દીધી. જે પછીથી બનારસ હિન્દુ યુનિવર્સિટી (B.H.U.) તરીકે પાંગરી.

ડોક્ટર એની બેસન્ટ જેવા કેટલાક વિદેશીઓએ ભારતમાં અકલ્પનિય કામો કર્યા હતાં. એટલું જ નહીં પણ ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ માટે પણ, તેના પુનરૂત્થાન માટે પણ ઘણા ભગીરથ કામો કર્યા હતાં. ભારતીય શાસ્ત્રોનો અભ્યાસ કરવા ડોક્ટર એની બેસન્ટ સંસ્કૃત શીખીને, તેનો અભ્યાસ કરીને પારંગત થયા હતા. કારણ કે તેમને દરેક પ્રાચીન ધર્મોનો ઉંડાણથી અભ્યાસ કરવો હતો. બાબુ ભગવાનદાસ તેમને સંસ્કૃતનો અભ્યાસ કરાવતા.

સેન્ટ્રલ હિન્દુ સ્કૂલ ૧૮૯૮માં સ્થપાઈ ત્યારબાદ ફક્ત સાત વર્ષ પછી ભાવનગરમાં સનાતન ધર્મ હાઈસ્કૂલ સ્થપાઈ; જેનું ખાતમુહૂર્ત પણ ડૉ. બેસન્ટ મૈયાના આશિર્વાદ સાથે થયેલું.

સનાતન સ્કૂલ ભાવનગરના સ્થાપકો ગોપાલજી ઓધવજી ઠક્કર અને પ્રાણજીવન ઓધવજી ઠક્કર ચુસ્ત થિયોસોફિસ્ટ. દર વર્ષે અડ્યાર – મદ્રાસ (ચેન્નાઈ) ખાતે ભરાતા તેના આંતર્રાષ્ટ્રીય સંમેલનમાં જવાવાળા. સેન્ટ્રલ હિન્દુ સ્કૂલ અને સેન્ટ્રલ હિન્દુ કોલેજ એ અરસામાં હજુ નવી જ બનેલી તેથી ડોક્ટર બેસન્ટ તે બાબત બહુ જ ધ્યાન આપતા. સ્વાભાવિક જ આંતર્રાષ્ટ્રીય સંમેલનમાં તે વિશે વાતો થાય, ચર્ચાઓ થાય, વિચારણા થાય.

આ બંને ઠક્કર બંધુઓને ડો. બેસન્ટે એવી પ્રેરણા આપી કે ભાવનગરમાં તેઓએ કેળવણી બાબત કાંઈક કરવું જોઈએ. તે પ્રેરણાના પરિણામ સ્વરૂપ ભાવનગરમાં સનાતન ધર્મ હાઈસ્કૂલ અસ્તિત્વમાં આવી.

આપણે સામાન્ય રીતે 'હિન્દુ' ધર્મ તરીકે ઓળખીએ છીએ તે મૂળ તો સનાતન વૈદિક ધર્મ. જેમ મુસ્લિમ ધર્મ તરીકે જે બોલાય છે તેનું મૂળ નામ ઈસ્લામ છે, પણ તેને અનુસરનાર મુસલમાન તરીકે ઓળખાય છે. તે જ રીતે સનાતન વૈદિક ધર્મની પરંપરાઓને અનુસરનાર ને હિન્દુ તરીકે ઓળખાય છે. કટ્ટરવાદીઓ દ્વારા જે નવો શબ્દ વિશેષણ તરીકે પ્રચારમાં મૂકાયો છે તેની વાત આપણે કરવી નથી.

ડોક્ટર બેસન્ટ અંગ્રેજ પરિવારના હતા. લંડનથી ભારત આવીને વસનારા મહિલા. થિયોસોફી, કેળવણી, સ્કાઉટ, પત્રકારત્વ વગેરે અનેક પ્રવૃત્તિઓમાં તેનું માતબર ખેડાણ. ખૂબ સારા લેખક અને આંતર્રાષ્ટ્રીય ક્ષેત્રે પંકાયેલા એક ઉત્કૃષ્ટ વક્તા. 'હોમરૂલ' સ્થાપીને રાજકારણમાં આવ્યા. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ પણ બન્યા. પણ તે વખતે પણ તેને 'વિદેશી મૂળ'ના ગણીને તેનો વિરોધ કરવાવાળાઓ પણ હતા તો ખરા જ, જેમ અત્યારે હોય છે તેમ.

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

સનાતન ધર્મ હાઈસ્કૂલ – ભાવનગરને ૧૧૭ વર્ષ થયા. જો કે તેની પહેલા પણ શાળાઓ સ્થપાયેલી હતી જ. ભાવનગરની વિખ્યાત આલ્ફ્રેડ હાઈસ્કુલ ૧૮૭૨માં સ્થપાયેલી. બ્રિટીશ સલ્તનતનાં પ્રિન્સ આલ્ફ્રેડ ભારત આવ્યા તેના નામ ઉપરથી તે નામ રખાયેલું. રાજકોટ આલ્ફ્રેડ હાઈસ્કુલ ૧૮૫૩માં સ્થપાયેલી, જે જુનાગઢ નવાબ સાહેબે બંધાવેલી. પણ ત્યારે તેનું નામ 'રાજકોટ ઈંગ્લિશ સ્કૂલ' હતું. ત્યારબાદ નામ બદલીને 'રાજકોટ હાઈસ્કૂલ' થયું હતું અને છેક ૧૯૦૭માં આલ્ફ્રેડ હાઈસ્કૂલ નામકરણ કરાયું હતું. આમ નામકરણની દ્રષ્ટિએ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલ જૂની ગણાય.

શિક્ષણનો મૂળ હેતુ સેવાનો ગણાય પણ હવે એટલી હદ સુધી તેનું વ્યાવસાયિકરણ થયું છે કે તે વાત હવે ભુલાઈ ગઈ છે, અહીં જ નહીં લગભગ દુનિયાના તમામ દેશોમાં. એના પરિણામે જ હવે રાજકારણમાં પણ તેની કલુષિત અસર જ દેખાય છે અને દંભ તથા જુઠ્ઠાણાનું પ્રભુત્વ વર્તાય છે અને એ ભરડામાંથી હવે બહાર નીકળી શકાય તેવું લાગતું નથી.

(મો. : ૯૭૧૪૦૦૨૬૯૯)

(જે. કૃષ્ણમૂર્તિ..... પાના-૧૪ ઉપરથી ચાલુ)

અને હું તમારા શિક્ષણ પર કામ નહીં કરી શકું. મારે આવી બધી સમસ્યાઓમાં વ્યસ્ત ન રહેવું પડે તે માટે શું એ વધારે સારું ન ગણાય કે હું તમારા માટે ઓહાય કે બ્રોકવુડમાં તમારી સાથે કામ કરું ?

કૃષ્ણમૂર્તિ : સર, હું એવી વ્યવસ્થા કરીશ કે તમારે આ બધી સમસ્યામાં વ્યસ્ત રહેવું ન પડે. ઓહાયમાં ત્રણ-ચાર વૃદ્ધ લોકો સિવાય કોઈ નથી અને તેમને કામ કરવા માટે કોઈ મળતું નથી કારણ કે ત્યાં પગાર બહુ જ વધારે આપવો પડે છે અને વિદેશીઓને ત્યાં કામ કરવા માટે વિઝા સહેલાઈથી મળતા નથી.

કૃષ્ણા : સર, મને એ ખબર છે; પણ મારા વૈજ્ઞાનિક હોવાને લીધે કદાચ મને વિઝા મેળવી શકું, પરંતુ હું એ વાતની ચર્ચા કરું છું કે તમારું કામ કરવા તમારી દૃષ્ટિએ મારા માટે કયું સ્થળ વધારે યોગ્ય ગણાય ?

કૃષ્ણમૂર્તિ : હું તેમને લખીને પૂછી શકું કે શું તેઓ તમે ત્યાં આવો એવું ઈચ્છે ખરા ? પણ આ સ્થળને તમારા જેવી વ્યક્તિની ખાસ જરૂર છે. મને ખાતરી છે કે જો તમે તમારા સંપૂર્ણ પરિવારની સાથે આવીને અહીં રહેશો તો તમે આ સ્થળને બ્રોકવુડની જેમ જ વૈશ્વિક કેન્દ્રમાં ફેરવી શકશો. અહીં મને તમારું ભવિષ્ય ઉજ્જવળ દેખાઈ રહ્યું છે. સર, તમારાં બાળકો શું બ્રોકવુડ ગયા છે ? શું તેઓ ત્યાં ભણવા ઈચ્છશે ? હું તેમને ત્યાં ભણવા માટે શિષ્યવૃત્તિ અપાવી શકું છું. તમે તેમને પૂછીને મને કાલે જણાવજો.

કૃષ્ણા : નહીં સર. તેઓ સ્કૂલમાં ભણવા જેવડા નથી. મારી સહુથી મોટી પુત્રી (૨૪) મેડીકલ કોર્સ પૂરો કરી ચૂકી છે અને એક હોસ્પિટલમાં રેસીડેન્ટ તરીકે કામ કરી રહી છે. બીજી પુત્રી (૨૨) એમ.એ.ના છેલ્લા વર્ષમાં અંગ્રેજી સાહિત્યનું અધ્યયન કરી રહી છે. ગયા વર્ષે તેના લગ્ન થઈ ગયા છે અને હવે તે પોતાના પતિના કુટુંબ સાથે રહે છે. ત્રીજી પુત્રી (૧૯) વર્ષની છે અને તે બી.એસ.સી. (ભૌતિક શાસ્ત્ર)માં અભ્યાસ કરે છે અને સહુથી નાની પુત્રી (૧૬) હાઈસ્કૂલના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહી છે.

(મો. : ૮૭૫૮૭૪૬૨૩૬)

**સ્વ. પિતાશ્રી મોતી જે. લાલવાણી તથા સ્વ. માતુશ્રી આલુબેન એમ. લાલવણીની શાશ્વત યાદમાં...**
**સૌજન્ય : કુ. માયા લાલવાણી તથા શ્રી મીનુ લાલવાણી**

*પ્રસ્તુતિ*

શ્રી કાન્તિભાઈ પટેલ
ઉપ-પ્રમુખ : ગુજ. થિયો. ફેડ.
સનાતન લોજ, સુરત

# જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે જ

ઋષિ વિચારધારામાં મૃત્યુ અંગે પણ ઉત્તમ ચિંતન થયેલું છે. ૧૬ સંસ્કારોમાં અંત્યેષ્ટિ સંસ્કારનો સમાવેશ થયેલો છે. મૃત્યુ અનિવાર્ય છે એ સૌ જાણે છે છતાં તેના ડરથી જીવન વિતાવે છે.

બુદ્ધ પાસે એક સ્ત્રી પોતાના મૃત બાળકને લઈને જાય છે અને આ મારા બાળકને તમે જીવતું કરો એવી પ્રાર્થના કરે છે – બુદ્ધે કહ્યું કે મૃત્યુ હર કોઈને આવે છે, કોઈની પાસે વહેલું તો કોઈ પાસે મોડું પણ તે પહોંચે જ છે.

શ્રીમદ્ ભાગવતમાં મૃત્યુ દેવીની જન્મની કથા કહેલી છે – બ્રહ્મા સૌનું સર્જન કરે છે, વિષ્ણુ પાલન કરે છે – જન્મેલાની પૃથ્વી પરથી લઈ જવાની જવાબદારી શિવજીને આપી. શિવજીએ નારાજી દર્શાવી કે જન્મ થાય ત્યારે સૌને આનંદ હોય પરંતુ મૃત્યુથી સૌને દુઃખ થાય તેથી શિવજીએ મરણ અંગેની જવાબદારી ન લીધી તેથી મૃત્યુ દેવીનો જન્મ થયો.

ગીતામાં જાતસ્ય હિ ધ્રુવો મૃત્યું જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે જ એ કહેલું છે – આ દેહને માટીના ઘડા જેવો ગણેલો છે. જે સમયે કુંભાર ઘડાને બનાવે તે સમયે પણ તે તૂટી જાય કે ઘડો બને તે સમયે પણ તે તૂટી જાય કે ઘડો બને પછી પણ તૂટી જઈ શકે છે.

સાગરમાં બે લાકડાં મળે તો ક્યાં સુધી સાથે રહે ? એકાદ પાણીનું મોટું મોજું એટલે બંને લાકડાં છૂટા પડી જાય છે. કુટુંબમાં સંબંધો તો હોય છે તે આવા જ હોય છે એ જે સમજી લે તેને મૃત્યુનું દુઃખ લાગતું નથી. દેહમાં રહેલો આત્મા મરતો નથી. તે તો દેહ છૂટે તે સાથે જ દેહમાંથી નીકળી જાય છે. કઠોપનિષદમાં મૃત્યુ અંગે અદ્‌ભૂત ચિંતન થયેલું છે. આ ઉપનિષદમાં યમરાજ અને નચિકેતાનો અદ્‌ભુત વાર્તાલાપ છે. મૃત્યુ પછી જીવન છે કે કેમ ? તેની ચર્ચા આ ઉપનિષદમાં થયેલી છે – જીવન દરમિયાન કરેલાં સારાનરસાં કર્મો અને અંત સમયની વાસના પ્રમાણે તેનો બીજો જન્મ થાય છે.

ઐતરેય બ્રાહ્મણમાં અજીગર્ત અને શમનાનો આ સંદર્ભમાં વિચારવા જેવો છે – તેના સાર સ્વરૂપે ઋષિ કહે છે કે જેને ભય નથી તેને મૃત્યુ નથી. અહંકાર મારે તો મૃત્યુને જીતે. મૃત્યુની સમજથી ત્યાગ ઘડે છે. હર મૃત્યુ આપણા મૃત્યુનો ઘડીદાર જ છે. સંસારમાં ભોક્તા નહીં પણ સાક્ષી બનવાની જરૂર પર ભાર અપાયો છે.

એક આશ્રમમાં ગુરુજી શિષ્યોને પાઠ આપે અને શિષ્યો વૃક્ષની નીચે બેસીને પાઠ પર ચિંતન કરે. એક વખત એક શિષ્ય આંખો બંધ કરી ચિંતન કરતો હતો ત્યાં તેના વાંસા પર કોઈએ ટપલી મારી, આંખ ખોલીને જોયું તો એક યુવતી તેણે જોઈ. તે યુવતી બોલી કે સુર્યાસ્ત સમયે તારું મૃત્યુ છે અને હું મૃત્યુ દેવી છું તને લેવા આવીશ. શિષ્ય ગભરાઈ ગયો – ગુરુને વાતો કરી – ગુરુ કહે કે એમાં કંઈ થઈ ન શકે – પરંતુ તું અહીંથી દૂર ભાગી જા. ખેતરમાં ચરતો ઘોડો જોઈ શિષ્ય તેના પર બેઠો અને આશ્રમથી દૂર ભાગી ગયો. સાંજે વૃક્ષ નીચે તે બેઠો અને વિચારે છે કે અહીં દેવી કેવી રીતે આવશે ? ત્યાં જ મૃત્યુ દેવી આવી અને બોલી કે તારું મૃત્યુ આ ઝાડ નીચે છે તને કોણ અહીં લાવશે એ હું વિચારતી હતી. ચાલ હવે મારી સાથે.

(મો. : ૯૩૭૪૯૯૮૮૬૦)

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

# વરૂણ દેવતા, તેની મહત્તા : પ્રાચીન તથા અર્વાચીન

પ્રસ્તુતિ
ડૉ. શ્રી ઋતુરાજ પંડ્યા
રેવા લોજ, વડોદરા

માનવ સભ્યતાના પ્રાચીન અને આધારભૂત ગ્રંથ એવા ઋગ્વેદની ઋચા/મંડળ ૧/૨૩ ના ૧૬, ૧૭, ૧૮ માં મહર્ષિ કણ્વ તથા મેધાતિથિએ જળની અદ્‌ભૂત પ્રશસ્તિમાં જળના ભૌતિક તથા અધ્યાત્મિક ગુણોનું વર્ણન કરેલ છે. જેમાં જળ સૂર્યની પાસે વાયુ રૂપમાં રહેલ છે. જે યજ્ઞને સીંચે છે. ગાયો જેનું પાન કરે છે. જે ઔષધીય છે. જે સર્વનું પોષણ કરે છે. તેમ કહી તેના અદ્‌ભૂત ચેતન ગુણો ઉપર પ્રકાશ પાડ્યો છે. હવે વિજ્ઞાન પણ આ વાતની પુષ્ટિ કરે છે કે તેના વિના જીવન અસંભવ છે. આપણા શરીરની શુક્ષ્મ કોશીકાઓમાં ૭૧% જળ છે. આ કોષ 'પ્રોટોપ્લાઝમા' નામના તત્વથી બન્યો છે. તેની અંદર રહેલ 'સાઈટોપ્લાઝમા'નો પણ અધિકાંશ ભાગ જળ છે. આશ્ચર્યજનક વાત એ સામે આવી છે કે જળ લોખંડ સોનુ જેવી કઠણ ધાતુઓને પણ ઓગાળી નાખે છે. સૃષ્ટિના આદિ આવિર્ભાવથી જ મોજુદ કોશિકામાં તે સૂર્ય (અગ્નિ)ની મદદથી પ્રાણ સંચારની ક્રિયાને સંપન્ન કરે છે. મનુષ્યની અંતઃચેતનાનું સ્વતંત્ર અસ્તિત્વ હોવા છતાં તે ચેતનાનાં ઘટકથી જ બનેલ છે. જળ પણ તેમાંનું એક છે. જળનું સ્વતંત્ર અસ્તિત્વ, વ્યક્તિત્વ છે. તેનું પ્રમાણ એ છે કે તે પદાર્થના નિયમોનું પાલન કરતું હોવા છતાં તાપમાનનાં નિયમોનું પાલન પોતાની રીતે કરે છે. પોતાના આ મનોતીત ગુણ દ્વારા વરૂણદેવ સંપૂર્ણ જળચરો તથા અન્યની જીવન રક્ષા કરે છે.

જો જળદેવતા એ પોતાના આ ગુણોનો પરિત્યાગ કરી દે તો સમુદ્રો વરાળ બની ઊડી જાત. ધ્રુવ પ્રદેશો તથા પૃથ્વી પર જીવન સંભવિત ન બનત. ઋગ્વેદની આ ઋચાઓમાં જળ સૂર્યમાંથી જન્મેલ તથા સૂર્યની પાસે સ્થિત છે. સ્થૂળ દૃષ્ટિએ આ વાત વિચિત્ર લાગે તેવી છે. સૂર્યની પાસે તો વિવિધ ગેસ, વાયુઓજ હોય તેવું આપણે માનીએ છીએ કેમ કે તેનું ટેમ્પરેચર જ એટલું છે કે કોઈપણ સ્થૂળ વસ્તુ ટકી શકતી નથી. લોખંડ, પિત્તળ, ચાંદી, અભ્રક વિગેરે બધી જ ધાતુઓ તો માત્ર ગેસ સ્થિતિમાં જ રહી શકે છે. પણ જળ તો તરલ છે... ! પ્રવાહી છે...! તે કેવી રીતે સૂર્ય નજીક રહી શકે... ? અશક્ય છે. પરંતુ તેઓએ (ઋષિઓએ) જોયું કે તેમાં ૨ ભાગ હાઈડ્રોજન અને ૧ ભાગ ઓક્સિજન છે. તેના સંમિશ્રણથી જળ બનેલ છે અર્થાત્ જલ પણ સૂર્ય પાસે વાયુરૂપ / ગેસ રૂપે જ વસે છે.

વિજ્ઞાનનાં વિદ્યાર્થીઓ પણ જાણે છે કે પરમાણુઓના પિરીયોડીક અંતરને કારણે એક જ તત્વ અનેક તત્વોમાં પ્રતિભાસિત થાય છે. પિરીયોડીક તાલીકામાં ઓક્સિજન પહેલાનું તત્ત્વ નાઈટ્રોજન અને પછી ક્લોરીન છે. આ બંનેના મળવાથી હાઈડ્રોજન બન્યો. જે ખૂબ હલકું તત્ત્વ છે અને સૂર્યની આસપાસ આજ તત્ત્વ છે. હવે જ્યારે

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

ઓક્સિજન આ હાઈડ્રોજન સાથે સંયોગ કરે છે તો 'જળ' દેખાવા લાગે છે તેનો જન્મ થાય છે. જો જળ આ અવસ્થામાં ન આવત તો સંભવતઃ લોકો તેના અસ્તિત્વને ન માનત...! પણ હવે એ સાબિત થઈ ગયું છે કે "જળ તત્ત્વ" પણ સૂર્યની જ દેણ છે. આપણા શાસ્ત્રોમાં સૂર્યને અર્ધ્ય આપવા પાછળ આજ વિજ્ઞાન રહેલ છે. તેથી જળ પણ સૂર્યની જ એક શક્તિ છે. તેણે હોવું જોઈએ ગેસ રૂપમાં. પરંતુ પ્રાણીચક્ર જીવનમાત્રના પોષણ / સંચાલન / વિકાસ માટે દ્રવ સ્વરૂપમાં આવવું જરૂરી હતું તેથી જ ચેતન સૂર્યને નારાયણ કહ્યા છે. તેમણે ગેસ સ્વરૂપમાં રહેલ વાયુઓને તરલ પ્રવાહી રૂપ બક્ષી જીવનને પલ્લવીત કર્યું.

પ્રવાહી હોવા છતાં પણ તેમાં સ્થૂળતા જરાય નથી. સ્થૂળતા પૃથ્વીનો અંશ છે. જ્યાં પૃથ્વી તત્ત્વનો અંશ હશે ત્યાં રૂપ, ગંધ, રસ હશે પણ જળમાં તે નથી. એટલા માટે જળ વિશુદ્ધ ચેતનાજ છે; તેમાં કોઈ આશ્ચર્ય નથી. જેમ મનુષ્યમાં દેખાવ સ્થૂળ પણ અદૃશ્યમાં ચેતન એજ માનવીની વિલક્ષણતા છે. મનુષ્યની એજ મોટી ભૂલ જેને માયા કહો કે જે કહો તે દૃશ્યમાન જગતને જ મહત્તા આપે છે.

વરૂણ દેવતાની ચેતના સાથે સુક્ષ્મ સંબંધ સ્થાપિત કરવાના ઋષિઓના વિજ્ઞાનમાં કેટલી સત્યતા છે તેનું રહસ્ય હવે સમજમાં આવતું જાય છે. જ્યારે જળના અણુઓની રચનાનું અધ્યયન કરવામાં આવ્યું ત્યારે આપણા ઋગ્વેદના મંડળ ૧ થી ૨૪ના સુક્તોમાં "વરૂણ વિદ્યા"નું નિરૂપણ આજે સાચુ જણાય છે. જળના વિલક્ષણ ગુણકર્મ સ્વભાવના અધ્યયન કરતાં વિજ્ઞાનીઓએ જોયું કે જળની પોતાની મેમરી બુદ્ધિ અને જીવન હોય છે. તેમાં પણ મનુષ્યની જેમ સુક્ષ્મ મોલીક્યુબર સેલ્યુલર સ્ટ્રક્ચર હોય છે. જેમાં તેના દરેક સેલમાં ૪.૪૦ હજાર ઈન્ફર્મેશન પેનલ હોય છે. જેમાં દરેક સેલમાં લાખો પ્રકારની મેમરી સ્ટોર હોય છે. જળ એક લિક્વીડ કોમ્પ્યુટર છે. પાણીમાં રહેલ ઉર્જાને આજે વિજ્ઞાનની મદદથી માપી શકાય છે. પાણીનું બદલાયેલ સ્ટ્રક્ચર તમારા વિચાર, સ્વાસ્થ્યને પણ બદલી શકે છે. જે પ્રાચીન માન્યતાઓને સાચી સાબિત કરે છે.

હવે તો સાબિત થયું છે કે વિચારો પ્રમાણે પાણી પોતાની ઈમેજ બદલે છે. તે તમારી ભાષા પણ સમજે છે તેવા અનેક દૃષ્ટાંતો / કથાઓ આપણા આર્ષ સાહિત્યમાં મળે છે. આપણા ઋષિઓ અભિમંત્રીત પાણીની અંજલી છાંટીને શાપ/વરદાન આપતા. યાજ્ઞવલ્ક્ય ઋષિએ આંગણામાં રોપેલ બીજોને પાણીની અંજલી છાંટતા તુર્ત જ તેમાં ફણગા ફુટી વેલ / છોડ નવપલ્લવીત થવા માંડ્યા. આજ પ્રકારે અંજલી છાંટી શ્રાપ પણ આપતા. જે પાણીના ગુણધર્મો / સ્વભાવની તેઓને ઉંડાણથી ખબર હતી જે સાબિત કરે છે.

આજનું વિજ્ઞાન આ બાબતમાં સારૂ એવું સંશોધન કરી રહેલ છે. તો પણ ઘણી બાબતો આશ્ચર્ય ઉપજાવે તેવી સાથે આવતી જાય છે કે જળને "વરૂણ દેવતા" કેમ કહેલ છે ?

આ બાબતે જાપાનનાં ડોક્ટર ફુજીતોએ પાણીને

*(અનુસંધાન પાન-૦૭ ઉપર)*

## જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ

(મૂળ લેખક : પી.કૃષ્ણા, ● અનુવાદક : શ્રી હર્ષદ દવે)

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
રેવા લોજ, વડોદરા

*ગતાંકથી આગળ...*



કૃષ્ણા : હા સર. અંતર તો ફક્ત દસ માઈલનું છે પણ કારમાં જઈએ તો ૬૦ મિનિટ થઈ જાય છે. રામનગરની પાસે ગંગા પર એક પોન્ટુન બ્રીજ છે; જ્યારે તેનો ઉપયોગ કરી શકાય ત્યારે તો ૪૦ મિનિટમાં ત્યાં પહોંચી શકાય છે, પણ વરસાદમાં એ પુલ તૂટી જાય છે.

કૃષ્ણમૂર્તિ : શું તેઓ અહીં કામ કરવાનું પસંદ કરશે ? અમે તેમને પણ અહીંયા લઈ લઈશું.

કૃષ્ણ : તેમને ચોક્કસ ખુશી થશે પણ તે અહીં કરશે શું ? અહીં તો કોઈ હોસ્પિટલ નથી.

કૃષ્ણમૂર્તિ : આપણે એક હોસ્પિટલ ખોલશુંને; નાની એવી નહીં, ફર્સ્ટ ક્લાસ, શહેરની સહુથી વધારે સારી !

કૃષ્ણા : એ માટે તો ઘણા બધા પૈસાની જરૂર પડશે અને મને શંકા છે કે તે કદાચ ફાઉન્ડેશનનાં ઉદ્દેશ્યોને અનુરૂપ ન હોય.

કૃષ્ણમૂર્તિ : તે મારા પર છોડી દો, સર. જ્યારે આપણે કાંઈક કરવું યોગ્ય સમજતા હોઈએ ત્યારે પૈસા ક્યારેય અવરોધક નથી બનતા. પરંતુ શું તે એમ કરવાનું પસંદ કરશે ?

કૃષ્ણા : મારે તેમને પૂછવું પડશે. તે પોતાનું કામ કરવાનું તો જાણે છે પણ એક નવી હોસ્પિટલ બનાવવા અને ચલાવવા માટે કદાચ તે યોગ્ય વ્યક્તિ ન હોય એમ બને.

કૃષ્ણમૂર્તિ : કાલે આખા કુટુંબ સાથે તેમને લંચ પર લઈને આવો સર. ત્યાં ફાઉન્ડેશનનાં બીજા પણ ટ્રસ્ટીઓ હશે અને આપણે તેઓની સામે આ વાત રજૂ કરશું. શું થઈ શકે તેના પર ચર્ચા કરશું.

કૃષ્ણા : જી સર. અમે આવશું.

કૃષ્ણમૂર્તિ : અને તમારી પુત્રીઓ ? શું તેઓ તમારા અહીં આવવાથી ખુશ છે ?

કૃષ્ણા : સર, અમે લોકો એક સંયુક્ત પરિવારમાં રહીએ છીએ અને તેમની ખુશી અને મારી ખુશી અલગ નથી. અમે લોકો અમારી ખુશી અલગ અલગ હોય એવું નથી વિચારતા.

કૃષ્ણમૂર્તિ : હા, મને એ ગમે છે; પણ તેઓને જરૂર પૂછજો કે શું તેઓ ખરેખર અહીં આવીને રહેવા ઈચ્છે છે ?

કૃષ્ણા : હા સર, હું પૂછીશ. તેઓ બધી યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે અને તેમને પણ અહીંથી ત્યાં મોકલવાની વ્યવસ્થા કરવાની રહેશે; પણ હું તપાસ કરીશ કે કોઈ બસ અહીંથી ત્યાં જાય છે કે નહીં. કોઈ બીજાં બાળકો પણ અહીંથી ત્યાં જતા હશે.

કૃષ્ણમૂર્તિ : સંસ્થા તમને ગાડી આપશે સર તેમને ત્યાં મોકલવા માટે.

કૃષ્ણા : એ તો બરોબર નહીં ગણાય સર. સંસ્થા મારા ઉપયોગ માટે ગાડી દઈ શકે, પણ જો મારી પત્ની

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

અને બાળકો તેનો ઉપયોગ કરશે તો તે માટે મારે ચાર્જ દેવો જોઈએ. પરંતુ કોઈક વ્યવસ્થા કરી લેવામાં આવશે.

કૃષ્ણમૂર્તિ : ઠીક છે સર, હવે એ કહો કે તમને અને તમારી પત્નીને ત્યાં કેટલું વેતન મળે છે ?

કૃષ્ણા : મને બધું મળીને લગભગ ૫૦૦૦ રૂપિયા મહિને મળે છે અને મારી પત્નીને પણ એટલા જ. અમને એક મકાન રહેવા માટે મળ્યું છે જે માટે અમે માસિક ૧૮૦ રૂપિયા આપીએ છીએ. જો હું યુનિવર્સિટીમાંથી થોડાં વર્ષો રજા લઈ શકું તો તેઓ અમને અહીં રહેવા દેશે અને હું રોજ ત્યાંથી કામ પર આવ-જા કરી શકીશ. આ રીતે મારી પત્ની અને બાળકોના જીવનમાં કોઈ અસુવિધા નહીં રહે, પણ એ માટે પહેલાં મારે મારા વાઈસ ચાન્સેલર સાથે વાત કરવી પડશે.

કૃષ્ણમૂર્તિ : તમારા વાઈસ ચાન્સેલર મને મળવા માટે આવવાના છે. હું તેમની સાથે વાત કરું ? શું તેથી તમને મદદ મળશે ?

કૃષ્ણા : નિઃસંદેહ, પણ પહેલાં મને વાત કરવા દો.

કૃષ્ણમૂર્તિ : ભલે. તો હવે એ કહો કે તમે અહીં કામ ક્યારે શરૂ કરી શકશો ?

કૃષ્ણા : મારે તેમને પૂછવું પડશે.

કૃષ્ણમૂર્તિ : તમારા કહેવાના અર્થ એ છે કે તમે ત્યાંથી નીકળીને અહીં આવવા માટે મુક્ત નથી ? તમારે કોઈની પરવાનગી લેવી પડશે ?

કૃષ્ણા : નહીં એ વાત નથી. હું કાલે જ રાજીનામું આપીને આવી શકું છું, પણ એવું કરવું યોગ્ય ન કહેવાય. હું ત્યાં ૨૫ વર્ષથી કામ કરી રહ્યો છું. મારે ત્યાં મારા કામની બીજી કોઈ વ્યવસ્થા કર્યા પછી આવવું જોઈએ.

કૃષ્ણમૂર્તિ : હા સર, તમારે ત્યાંની બધી જ જવાબદારીઓ પૂરી કરીને આવવું જોઈએ. તો તમે ક્યારે આવવા ઈચ્છો છો ?

કૃષ્ણા : ત્યાંનું સત્ર પહેલી મે માં પૂરું થાય છે, ત્યારે ?

કૃષ્ણમૂર્તિ : (આકાશ તરફ જોઈને) નહીં સર. ત્યાં સુધીમાં તો મારે બહુ મોડું થઈ ગયું ગણાશે.

કૃષ્ણા : હું અહીં કામ ક્યારે શરૂ કરું એવું તમે ઈચ્છો છો ?

કૃષ્ણમૂર્તિ : કાલે !

કૃષ્ણા : સારું સર, મને વાઈસ ચાન્સેલરને પૂછી લેવા દો કે તેઓ મને વહેલામાં વહેલો ક્યારે આવવા દઈ શકે તેમ છે. હું થોડા દિવસોમાં તમને કહી દઈશ કે હું ક્યારે આવી શકું તેમ છું.

કૃષ્ણમૂર્તિ : ભલે સર. શું તમે મને બીજું કાંઈ પૂછવા ઈચ્છો છો ?

કૃષ્ણા : હા સર. જો તમે એમ ઈચ્છતા હો કે હું તમારા માટે કામ કરું તો અહીં જ શા માટે ? મને એમ લાગે છે કે અહિયાં લોકો મારી પાસે નાની-મોટી સમસ્યાઓનો ઉકેલ મેળવવા, અંદરોઅંદરનાં ઝઘડાનો નિકાલ કરાવવા, નાણાં અને મજૂરી જેવી સમસ્યાઓનું નિરાકરણ કરવામાં અને કાગળ પરની કાર્યવાહી કરવામાં રોકી રાખીને મારી તમામ ઊર્જાનો ઉપયોગ કરી લેશે

*(અનુસંધાન પાન-૦૯ ઉપર)*

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# 'એક પગલું આગળ' – આગે કદમ

**'ધ ઇન્ડિયન થિયોસોફિસ્ટ'ના સંપાદક શ્રી પ્રદીપસિંહ એચ. ગોહિલના લેખ 'અ સ્ટેપ ફોર્વર્ડ'નો અનુવાદ**

પ્રસ્તુતિ
પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા
અમદાવાદ લૉજ

જીવનમાં આધ્યાત્મિક પ્રગતિ પ્રતિ દોરી જતાં ત્રણ મહત્ત્વનાં પગથિયાં કે તબક્કા વિશે આપણે ઘણીવાર વાતો કરી છે – તે છે સમાજ સેવા, થિયોસોફિકલ સાહિત્યનું વાંચન તથા નિયમિત ધ્યાન – કર્મ **(Meditation)** અહીં આપણે પ્રથમ તબક્કા વિષે સમજ કેળવવા પ્રયાસ કરીએ. સમાજ સેવા : પોતાના સમાજની પ્રગતિ કે સુખાકારીના હેતુથી વ્યક્તિ દ્વારા કરેલાં કે કરાવાયેલાં સત્કાર્યો તે સમાજ સેવાનો આધાર છે. એનો સાદો અર્થ એટલો જ કે કોઈના પ્રતિ ઉપકારક બનવું અને તેને સધિયારો મળે કે તેમની દરકાર કે ચિંતા કરનાર કોઈ છે, તેવા લોકો છે જે ધ્યાન રાખશે. થિયોસોફિકલ સોસાયટીના પ્રથમ ઉદ્દેશની પુષ્ટિરૂપે આ સમાજ સેવાનું કાર્ય એક રીતે આવશ્યક છે. તે ઉદ્દેશ છે "માનવજાતનો સાર્વત્રિક ભાઈચારો" અથવા 'વિશ્વબંધુત્વ'. **(World Brotherhood)** આપણે સૌએ એકબીજાને મદદરૂપ થવું જરૂરી છે કારણ કે અંતે તો આપણે સૌ એક જ છીએ... **After all we are all one."**

આપણું આ માસિક મુખપત્ર 'ધ ઇન્ડિયન થિયોસોફિસ્ટ' શાંત મનથી તથા પૂરા પૂજ્ય ભાવથી વાંચતાં મધર ટેરેસાના આ શબ્દો યાદ આવે છે :

"મૌનનું ફળ છે પ્રાર્થના, પ્રાર્થનાનું ફળ છે શ્રદ્ધા, શ્રદ્ધાનું ફળ છે પ્રેમ, અને પ્રેમનું ફળ છે સેવા."

સૌનું અંતિમ ધ્યેય છે : વ્યક્તિગત આનંદ, સંતોષ અને સુખની પ્રાપ્તિ. આ વૈશ્વિક લક્ષ્ય છે. પોતાના સમાજના નાગરિકોની સેવા કરીને તથા તેમને મદદરૂપ થવાથી પ્રાપ્ત થતો જીવનનો અનહદ આનંદ અને તે દ્વારા અનુભવાતો આત્મ–સંતોષનો ભાવ તથા મૂલ્ય જાણનારા સાચા થિયોસોફિસ્ટ ભાઈ–બહેનો ઘણાં જ છે. સાચા થિયોસોફિસ્ટનો સેવાનો આદર્શ અન્યને સ્વેચ્છાએ મદદરૂપ થવામાં તથા અંગત લાભ કે બદલાની ભાવનાનો સ્હેજપણ વિચાર ના હોવો તેમાં છે. આ જ સાચી સેવા છે.

આમાં રોમાંચક વાત એ છે કે આપણા જીવનની ઘણી બધી ઉત્તમ સુખ પ્રાપ્તિની પળો તો આપણો સમય, સેવા–કાર્ય અને નાણાકીય સાધનોનો અન્ય લોકોના લાભાર્થે કે દીર્ઘ–કાલીન ઉદ્દેશોની પૂર્તિ માટે ઉપયોગ થાય, જે આપણા પૃથ્વી પરના જીવનની પૂર્ણતા પછી પણ ટકી રહે.

જરૂરિયાતમંદોને મદદરૂપ થવાના માત્ર પ્રયત્નોમાં પણ કે અન્ય પ્રત્યે દયાભાવ દર્શાવવા માત્રથી પણ આપણું જીવન કેટલીવાર સમૃદ્ધ બન્યું છે ?

વળી જ્યારે આપણે સમાજસેવાના કાર્યમાં ઓતપ્રોત હોઈએ છીએ ત્યારે આપણે કેવા નવા મૈત્રી–સંબંધો પણ કેળવીએ છીએ ? ખભેખભા મિલાવીને કાર્ય કરવામાં કેવા જીગરજાન મિત્રો મેળવીએ છીએ ? કોઈને અણીના સમયે મદદરૂપ થવાથી કેવો અજબ


*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

# ૧૦૧ મા વર્ષની સફરના સાથી
# બુઝુર્ગ યુવાન
# શ્રી દેવદત્તભાઈની જીવનગાથા

પ્રસ્તુતિ
ડૉ. અશોકભાઈ ઉપાધ્યાય
પ્રમુખશ્રી બાલાસિનોર લૉજ



'થિયોસોફિકલ જ્યોતિ'ના શતાબ્દિ વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છા સાથે અભિનંદન.

મૈત્રેય લોજ, બાલાસિનોરના સંનિષ્ઠ અને ઉત્સાહી બુઝુર્ગ યુવાન એવા શ્રી દેવદત્તભાઈ અંબાલાલ ત્રિવેદીની જીવનગાથાની આંશિક વાત અહીં રજૂ કરતાં ખૂબ આનંદની લાગણી વ્યક્ત કરું છું. તેઓશ્રીનો જન્મ તા. ૬.૪.૧૯૩૨ એટલે ૯૦ વર્ષ થયાં ગણાય. અભ્યાસ નોન મેટ્રીક, માતા માણેકબેન અને પિતા અંબાલાલ ત્રિવેદીનું આ પુત્ર રત્ન. વ્યવસાયે તલાટી, રેવન્યુ ખાતામાં વણાંકબોરી, તા. બાલાસિનોરમાં સાત વર્ષ નોકરી કરી સ્વૈચ્છિક રાજીનામુ આપી ખેતી વ્યવસાયમાં ખંતથી જોડાયા. મંજુલાબેન સાથે લગ્ન થતા ૪૨ વર્ષ દામ્પત્ય જીવનમાં સાથે રહ્યાં. વડીલશ્રી દેવદત્તભાઈ ત્રિવેદી રોજગાર માટે મુંબઈ અને કલકત્તામાં જઈ વસ્યા. પાંચ વર્ષ રહ્યા બાદ વતન બાલાસિનોર પરત ફર્યા. દેવદત્તભાઈના કાકાશ્રી થિયોસોફીમાં જોડાયેલ હતા એટલે ઘરમાંથી જ થિયોસોફીના સંસ્કાર ગળથૂંથીમાંથી જ મળ્યા. પરિણામે હવે પૂર્વના ઋણાનુબંધે તેઓશ્રીને સને ૧૯૫૪ માં જ્હોન કોટ્સે દંપતિને થિયોસોફીની દિક્ષા આપી અને તેઓશ્રી વિધિવત્ થિયોસોફીના સભ્ય બન્યા. તે સમયે બાલાસિનોરના લોજ પ્રમુખશ્રી પૂનમચંદ વકીલ હતા. દેવદત્તભાઈનો અભ્યાસ અને ઉમંગ તથા કાર્ય પદ્ધતિને નિહાળીને તેમણે દેવદત્તભાઈને લોજમંત્રી બનાવ્યા. તેઓશ્રીએ સતત ૩૦ વર્ષ બાલાસિનોર લોજના મંત્રી તરીકે સેવા આપી સક્રિય કાર્યકર્તા તરીકે ઉભરી આવ્યા. તેમની મંત્રી તરીકેના કાર્યકાળમાં ૭૦ સભ્યો રજિસ્ટર હતા. લોજ ધમધમતી હતી. તેમનો ઉત્સાહ અને કાર્ય જોતાં ગુજરાત ફેડરેશને દેવદત્તભાઈને ગુજરાત કક્ષાએ કારોબારી સભ્ય તરીકે લીધા અને તેમની સેવાનો લાભ લીધો. તેમની વિદ્વતા અદ્વિતીય છે. થિયોસોફીમાં ચર્ચા કરતાં તેઓ ક્યારેય થાક્યા નથી. ગુજરાત ફેડરેશનમાં આજે પણ તેઓ કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તન–મન–ધનથી થિયોસોફી ક્ષેત્રે સંસ્થાને વરેલા છે. તેઓશ્રીના કાર્યકાળ દરમિયાન બાલાસિનોર લોજના યજમાન પદે ૫૭મુ, ૮૦મુ અને ૧૦૦મુ અધિવેશન ભરાયેલ છે (તેમના) મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આ બધુ શક્ય બનેલ હતું.

તેઓશ્રી આજ સુધીમાં કોઈ શિબિર ચૂક્યા નથી. જનસંપર્ક પૂરેપૂરો રાખતા. તેમનો સ્વભાવ સરળ, નિર્વ્યસની હતા. માત્ર એમને એક જ વ્યસન હતું બસ થિયોસોફીની ચર્ચા કરવી. તેમના સમયકાળમાં કેશવલાલ ભુદરલાલ જોષી વીરપુરથી ૩૭ કિલોમીટર ગાડામાં બેસી બાલાસિનોર લોજમાં દર અઠવાડિયે આવતા. આ ઉપરથી આપણે સૌ વિચારીએ કે સૌ સભ્યો લોજમાં કેવું ચિંતન... ચર્ચા કરતા હશે ?

દેવદત્તભાઈની સફળ સિદ્ધિ પાછળ તેમના ધર્મપત્ની મંજુલાબેનનો ખૂબ સહયોગ હતો. ધર્મપત્ની આમ તો મરજાદી હતાં, છતાં પણ થિયોસોફીની વાતમાં સક્રિયપણે રહેતાં અને સહકાર આપતાં. તે કદી વિસરાય તેમ નથી. જ્યારે દેવદત્તભાઈ પોતે ઉંમરમાં નાના હતા ત્યારે પણ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તેમને આદર–માન આપતા અને આજે પણ એ જ રીતે હાલનાં પ્રમુખ–મંત્રીશ્રી તેમનો સત્કાર સન્માન કરે છે. તેમનું માર્ગદર્શન જ અનોખું છે. તેમનો વિચાર, માર્ગદર્શન એ જ એમને માન અપાવે છે. તેમના નિવાસ સ્થાને ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનાં પદાધિકારીઓ જેવા કે, હરજીવનદાસ કે. મહેતા, અવંતીકાબેન મહેતા, ઉપેન્દ્રભાઈ મહેતા, હર્ષવદનભાઈ શેઠ, ડૉ. જશભાઈ અમીન, યોગેન્દ્રભાઈ દેસાઈ, હર્ષદભાઈ પટેલ વગેરે

વિદ્વાન અને થિયોસોફીના સંનિષ્ઠ સેવાભાવી કાર્યકર્તાઓ દેવદત્તભાઈના ઘેર આવી, બાલાસિનોર લોજને પ્રોત્સાહિત કરેલ છે. કાર્યકર્તાઓને પ્રેરણા પૂરી પાડેલ છે.

દેવદત્તભાઈનું ધ્યેય સૂત્ર હતું "સિંહોના ટોળા ના હોય" તેઓ આ વાક્યને બહુ માનતા. તેઓશ્રી આજે પણ ૯૦ વર્ષની ઉંમરે, બાલાસિનોરની અનેક સંસ્થાઓમાં સેવા પૂરી પાડે છે. તેમનું માર્ગદર્શન પૂરું પાડે છે. તેમે કોઈ પદ–પ્રતિષ્ઠાની પરવા નથી. માન–અપમાનથી તેઓ પર છે. નિરાભિમાની વ્યવહાર અને પરગજુ સ્વભાવથી થિયોસોફીકલ કાર્યમાં ચાર ચાંદ લગાવી દીધા છે.

'થિયોસોફીક જ્યોતિ'ના શતાબ્દી વર્ષ નિમિત્તે આ બુઝુર્ગ યુવાન એવાશ્રી દેવદત્તભાઈ ત્રિવેદીની આંશિક વાત જે સ્મરણમાં હતી તે રજૂ કરેલ છે. શ્રી દેવદત્તભાઈ ત્રિવેદીને પરમાત્મા દીર્ઘાયુ બક્ષે. સારું સ્વાસ્થ્ય અર્પે એ જ ગુરુદેવોને પ્રાર્થના. શ્રી દેવદત્તભાઈ હજુ પણ આ સંસ્થામાં સક્રિય રહી લાંબી સેવા આપે એવી શુભેચ્છા. 'થિયોસોફીક જ્યોતિ' મેગેઝીનના શતાબ્દિ પ્રસંગે બાલાસિનોર લોજના તમામ સભ્યોની શુભેચ્છા ! અભિનંદન... અભિનંદન... અભિનંદન...!

(મંત્રીશ્રી હર્ષદભાઈ પંચાલના સહકાર સાથે)
(મો. : ૭૫૬૭૬૦૧૨૮૭)

---

## ઈન્ડિયન સેક્ષનનો અગત્યનો સંદેશ

*પ્રસ્તુતિ*
શ્રી દર્શન મોદી
*મંત્રી. ગુજ. થિયો. ફેડ.*

- ભારતીય વિભાગ (ઈન્ડિયન સેક્ષન) દ્વારા તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૨ થી નવા સભ્યો માટેની દાખલ ફી રદ કરવામાં આવી છે.
- આંતર્રાષ્ટ્રીય પ્રમુખ દ્વારા તેને બહાલી તા. ૨૭.૧૨.૨૦૨૧ ના રોજ આપવામાં આવેલી.
- ઈન્ડિયન સેક્ષનની વેબસાઈટ ઉપરથી 'નવા સભ્ય' માટેનું પ્રવેશ ફોર્મ ફેડરેશનના બધા જ મંત્રીઓને મોકલવામાં આવેલ છે.
- પ્રવેશ ફોર્મ સાથે સભ્ય બનનારે પોતાની સહીવાળું આધાર કાર્ડ બીડવું. ફોર્મમાં પોતાની સહી કરવી 'ઇન્ડિયન થિયોસોફિસ્ટ' મેગેઝીન અંગ્રેજી તથા હિન્દી ભાષામાં નિઃશુલ્ક આપવામાં આવે છે. પોતાને જે ભાષામાં જોઈતું હોય તે જણાવવું. પોતાનું પત્રવ્યવહારનું પૂરેપૂરું સરનામું, પોતાનો ટેલિફોન નંબર (અથવા કેર ઓફ નંબર), પોતાનું ઈ-મેઈલ એડ્રેસ (અથવા કેર–ઓફ ઈ-મેઈલ એડ્રેસ) અને છેલ્લે પડાવેલ ફોટોગ્રાફ મોકલવો. કોઈપણ બાબતની ચૂક કે કસર રહેશે તો પ્રવેશ ફોર્મ સ્વીકારાશે નહિ.
- વર્તમાન સભ્યોએ પોતાનું ઈ-મેઈલ સરનામુ ઇન્ડિયન સેક્ષનના વડા મથકે દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં સાંજના ૫ વાગ્યા પહેલા નીચેના સરનામે મોકલવું. આજીવન સભ્યે પણ પોતે આ રીતે મોકલવાનું છે.
  નીચેના ઈ-મેઈલ સરનામે મોકલવું :

**renewalindsecmem@gmail.com**

**"I woul like to continue my membership in the Indian Section of the Theosophical Society"**

| ................................. | ................................... | ..................... | ..................... | ..................... |
|---|---|---|---|---|
| **Mem. Name** | **Name of Lodge** | **Diploma No.** | **Signature of Mem.** | **Date** |

ઉપરોક્ત ફોર્મેટ પ્રમાણે ફોર્મ ભરીને આપેલા ઈ-મેઈલ સરનામે ૧ જુલાઈ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં મોકલી આપવું. ટપાલ દ્વારા મોકલાવેલ કોપી સ્વીકારવામાં નહીં આવે.

---

**ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન (પબ્લિક ટ્રસ્ટ)**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

(શાખા સમાચાર..... પાના-૧૯ ઉપરથી ચાલુ)

- **રેવા લોજ, વડોદરા :-** (દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦) :

મે દરમિયાન ૧લીએ 'આજના સંપ્રદાયોમાં છૂપાયેલું આધ્યાત્મિક વિજ્ઞાન' વિષે ડૉ. પ્રશાંતભાઈ શાહ, ૮મીએ 'શ્વેત પદ્માષ્ટમી' વિષે શ્રી ગુલામભાઈ મલેક તથા ૨૨મીએ 'બુદ્ધ પૂર્ણિમા' વિષે શ્રી હર્ષદભાઈ દવેએ પ્રવચનો કર્યા. ૨૯મીએ ભારત સમાજ પૂજા અને શાતાવાહક વિધિ સંપન્ન થઈ.

જૂન દરમિયાન પાંચમીએ સામાન્ય સભા યોજાઈ. ૧૨મીએ 'અજ્ઞાતને આવકારવા નિખાલસ થવું' (જે. કૃ.ના પુસ્તક આધારિત) વિષે શ્રી હર્ષદભાઈ દવે તથા ૧૯મીએ 'મૃત્યુ એટલે શું ?' વિષે શ્રી નિખિલભાઈ દેસાઈએ પ્રવચનો કર્યા. ૨૬મીએ ભારત સમાજ પૂજા તથા શાતાવાહક વિધિ કરવામાં આવી.

- **ત્રિવેણી કાર્યક્રમ :-** (દર મંગળવારે સાંજે ૬.૩૦ થી **૮.૦૦ દરમિયાન રેવા લોજ, રોહિત લોજ તથા જ્યોતિ લોજ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે યોજાતો કાર્યક્રમ) :**

માર્ચ દરમિયાન ૧લીએ "પેઈન્ટીંગ્સ (ચિત્રો)ને અનુભવો અને સમજો" વિષે અંગ્રેજીમાં મુખ્ય રજૂઆત સુશ્રી વિમલ બાલાચન્દરે કરી. ગુજરાતી અનુવાદ સુશ્રી વર્ષા પટેલ અને હિન્દી અનુવાદ મિનાખી ગૈધાણીએ રજૂ કર્યો. ૮મીએ 'એ. પી. સિનેટનું જીવન અને કાર્યો' વિષે મુખ્ય પ્રવચન અંગ્રેજીમાં શ્રી નંદકુમાર રાઉતે કર્યું. હિન્દી અનુવાદ શ્રી નવીનકુમારે તથા ગુજરાતી અનુવાદ શ્રી રમેશચંદ્ર ડોલીઆએ રજૂ કર્યો. ૧૫મીએ સી. ડબ્લ્યુ લેડબીટરનું પુસ્તક 'એ ટેક્સ્ટ બુક ઓફ થિયોસોફી' વિષે અત્યંત યુવા વક્તાઓએ રજૂઆત કરી. અંગ્રેજીમાં શ્રી દિવ્યરાજ ઠાકરિયા, ગુજરાતીમાં શ્રી ઓમ પટેલ અને હિન્દીમાં શ્રી ભૌમિક ભટ્ટે રજૂઆત કરી. આ કાર્યક્રમમાં મોડેરેટર કુ. ક્રીતિકા ગોયેલ હતા. ૨૨મીએ 'પસાયદાન' વિષે મરાઠીમાં શ્રી નંદકુમાર રાઉત, અંગ્રેજીમાં શ્રી ચંદ્રકાંત શિંદે અને હિન્દીમાં શ્રી અશોક લોખંડેએ રજૂઆત કરી. ૨૯મીએ 'સ્પીરીચ્યુઅલ લાઈફ ફોર ધ મેન ઓફ ધ વર્લ્ડ' વિષે અંગ્રેજીમાં શ્રી કે. દિનાકરણ મલયાલમમાં શ્રી અજીશકુમાર અને હિન્દીમાં સુશ્રી ઉર્વશીદાસે રજૂઆત કરી.

- **પૂર્ણાનંદ લોજ, પેટલાદ :**

તા. ૧૨ જૂન, રવીવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન રેડક્રોસ ભવન ખાતે પૂર્ણાનંદ લોજના નવા દાખલ થયેલા સભ્યોને ડિપ્લોમા સર્ટીફીકેટ વિતરણ તથા સન્માન કાર્યક્રમ યોજાયો. શ્રી મનહરભાઈ દ્વારા વૈશ્વિક પ્રાર્થના બાદ શ્રી પ્રફુલ્લભાઈ જી. પટેલે સભ્યોને આવકાર્યા. કાર્યક્રમની પાશ્વાદ્ ભૂમિકા શ્રી ગિરીશ 'નીલગિરિ'એ કરી. સમારંભના અધ્યક્ષ શ્રી મહેશભાઈ બી. શર્મા (શિક્ષણ નિયામક ગુ. રાજ્ય), ઉપાધ્યક્ષશ્રી હમીરભાઈ આર. નાણેચા (પ્રિ. ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બોરસદ), અતિથિ વિશેષ શ્રી મનુભાઈ એમ. રાઠોડ (નિવૃત્ત મેનેજર, બેન્ક ઓફ બરોડા) તથા શ્રી રતિલાલ એમ. મકવાણા (નિવૃત્ત મેનેજર, એસ.બી.આઈ.), શ્રી રાવજીભાઈ ચાવડા (એલ.આઈ.સી. ક્લબ, ચેરમેન) તથા શ્રી ઉપેનભાઈ વી. પટેલ અને સુશ્રી અમીષાબેન પટેલે (ઓસ્ટ્રેલિયા) કાર્યક્રમમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યા. નવા દાખલ થયેલ સોળ સભ્યોના ડિપ્લોમા પ્રમાણપત્રો અધ્યક્ષશ્રી તથા અન્ય મહાનુભાવોનાં હસ્તે એનાયત કરાયાં. વિશેષમાં પેટલાદ સિવિલ હોસ્પિટલના ડૉ. ભાવેશભાઈ મેનગરનું સન્માન શ્રી ગિરીશભાઈએ કર્યું. અમદાવાદથી પધારેલ યુવા સભ્યશ્રી મુકેશભાઈ પરમારને પ્રમાણપત્ર અને પુષ્પગુચ્છથી સન્માન શ્રી મનહરભાઈ પટેલે કર્યું. સદર કાર્યક્રમમાં સુશ્રી મધુબેન મકવાણા, શ્રી સૂર્યકાંત પટેલ તથા શ્રી હસમુખભાઈ પંચાલનો સહયોગ સાંપડ્યો. આયોજન વ્યવસ્થા શ્રી પ્રતીક શ્રીમાળી અને શ્રી જગદીશભાઈ મેકવાને સંભાળી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સિનિયર સભ્ય શ્રીમતિ ડૉ. પ્રતિક્ષાબેન શાહે પોતાની મૃદુ ભાષામાં કર્યું. આભારવિધિ શ્રી મનહરભાઈ પટેલે કરી. કાર્યક્રમને અંતે સુશ્રી સુમનબેન પટેલે સુમધુર પ્રાચીન ભજન રજૂ કર્યું અને સૌને મંત્રમુગ્ધ કરી દીધાં. સ્વરુચિ ભોજન વ્યવસ્થા શ્રી મનહરભાઈ પટેલે તથા તેમની ટીમ સૌરભ મેનગર, અંકિત ઉપાધ્યાય, નિકુંજ ગોર અને પંકજ મેનગરે સંભાળેલી. અરુચિ ભોજન પૂર્વે સમારંભનું સમાપન રાષ્ટ્રગાન બાદ પૂર્ણ થયું.

# શાખા સમાચાર

- **રોહિત લોજ, અમદાવાદ :-** (દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ) :

એપ્રિલની બીજીએ "જે. કૃ.ની રોજનીશી" વિષે શ્રી હર્ષવદન શેઠ, ૯મીએ 'મને અને માંદગીનો સંબંધ' વિષે શ્રી ડૉ. કિરણ શિંગ્લોત, ૧૬મીએ 'ચૈતન્યમાં ડોકીયું' વિષે શ્રી રમેશચંદ્ર ડોલીઆ, ૨૩મીએ 'ઓમકારનું મહત્ત્વ' વિષે ઉત્સાદ ગુલામ ફરીદ વોરા અને ૩૦મીએ 'આત્માનું નિર્માણ – એક અલૌકિક પ્રક્રિયા' વિષે કુ. વર્ષા પટેલે પ્રવચનો કર્યા. મે દરમિયાન ૧૪મીએ "લાઈટ ઓફ વીઝડમ – જે. કૃ." વિષે કુ. વર્ષા પટેલે તથા ૨૮મીએ શ્રી રમેશચંદ્ર ડોલીઆએ 'ચૈતન્યમાં ડોકિયું' વિષે પ્રવચન કર્યું. જૂન દરમિયાન ૪થીએ 'ગુડ વાઈબ્સ, ગુડ લાઈફ' વિષે ડો. વર્ષા પટેલે પ્રવચન કર્યું. ૧૧મીએ 'દૈનિક જીવનમાં અધ્યાત્મ યાત્રા' વિષે હાજર સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. ૧૮મીએ 'ચૈતન્યમાં ડોકિયું' વિષે શ્રી રમેશચંદ્ર ડોલીઆએ પ્રવચનો કર્યા.

- **અમદાવાદ લોજ, અમદાવાદ :-** (દર બુધવારે સાંજે ૬ થી ૭ દરમિયાન મીટીંગ) :

જૂન દરમિયાન ૧લીએ 'શ્રી ગુરુ ચરણે' વિષે કુ. વર્ષા પટેલ, ૮મીએ 'સ્વ'ની ખોજ' વિષે સુશ્રી અનસુયાબહેન દેસાઈ, ૧૫મીએ 'ચૈતન્યમાં ડોકિયું' વિષે શ્રી રમેશચંદ્ર ડોલિઆ તથા ૨૨મીએ 'કૃષ્ણમૂર્તિ અને કબીર' વિષે શ્રી હર્ષવદન શેઠે પ્રવચનો કર્યા. ૨૯મીએ હાજર સભ્યો દ્વારા આધ્યાત્મિક ચિંતન કરવામાં આવ્યું.

- **સનાતન લોજ, સુરત :-** (દર બુધવારે સાંજે ૫.૦૦ વાગે મીટીંગ યોજાય છે) :

જૂન દરમિયાન ૧લીએ 'યજ્ઞનું રહસ્ય' વિષે ડૉ. દિપીકાબેન પાઠકજી, ૮મીએ 'ગીતા અધ્યાય-૧૫ (પુરુષોત્તમ યોગ) વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, ૧૫મીએ 'સહ અસ્તિત્વ' વિષે જીવન વિદ્યાના પ્રચારક ડૉ. પદમ નાહર અને ડો. શીતલ જરીવાલા તથા ૨૨મીએ 'શ્વેતસંઘનાં મહાત્માઓ' વિષે શ્રી ચંદ્રકાન્તભાઈ સરવડાએ પ્રવચનો કર્યા. ૨૯મીએ 'ભારત સમાજ પૂજા વિધાન' સુશ્રી પ્રતિભાબેન પારેખે અધ્વર્યુ પદેથી ડૉ. દિપીકાબહેન પાઠકજીના નિવાસસ્થાને સંપન્ન કરાવી પૂજા બાદ ડૉ. દિપીકાબહેન દ્વારા સાંજે પ્રીતિભોજન યોજાયું.

- **શ્રી હરજીવન આશ્રમ, થિયો. સોસા. કડોલી :-**

એપ્રિલની ૧૭મીએ મુરબ્બી લોજ પ્રમુખશ્રી ચંદુભાઈ એચ. પંડ્યાની અધ્યક્ષતામાં મીટીંગ યોજાઈ. બી.ટી.એફ.ના પ્રમુખશ્રી વિનાયકભાઈ પંડ્યા તથા તેમના પત્ની શ્રીમતિ માલતીબેન પંડ્યાએ સવિશેષ હાજરી આપી. તેઓએ ચિંતનીય વિચારો રજૂ કરી સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા. ૨૪મીએ 'હરજીવન સૌરભ'નું પઠન શ્રી ચંદુભાઈ પંડ્યાએ કર્યું તથા સમજણ આપી. શ્રીમતી કૈલાસબાએ પૂ. હરજીવનદાદાના સાહિત્યની અને તેના અભ્યાસની મહત્તા સમજાવી.

મે દરમિયાન ૧લીએ 'શ્રી ગુરુ ચરણે'નું પઠન–પાઠન કરવામાં આવ્યું. ઉપપ્રમુખ શ્રી શંકરભાઈ પટેલે જે. કૃ. વિષે મૌલિક ચિંતન રજૂ કર્યું. કબીરપંથી શ્રી સોહમ સાહેબ સવિશેષ હાજર રહ્યા. ૮મી મેના રોજ 'શ્વેત પદ્માષ્ટમી'ની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી કૈલાસ બાએ ભગવદ્‌ગીતાના પુરુષોત્તમ યોગનું પઠન–પાઠન કર્યું. શ્રી નરેન્દ્ર પટેલે 'મેડમ બ્લેવેટ્સ્કી' વિષે જણાવ્યું. 'હરજીવન સૌરભ'નું પઠન કરવામાં આવ્યું.

હરજીવન લોજ દ્વારા 'હરજીવન પ્રકાશ' નામક ઈ–પત્રિકાનું પ્રકાશન કરવાની શરૂઆત થઈ ગઈ છે. કડોલી લોજનું ઈ-મેઈલ આઈડી છે : harjivan ashram@gmail.com

- **ગુરૂદેવ ગોષ્ઠી :** મુંબઈ ફેડરેશનનાં ઉપક્રમે દર ગુરૂવારે સાંજે ૬ થી ૭ દરમિયાન ડો. અજયભાઈ હોરાના અધ્યક્ષસ્થાને આયોજીત થતી ઇ-મીટીંગ અંતર્ગત મુંબઈ ફેડ. પ્રમુખશ્રી વિનાયકભાઈ પંડ્યા દ્વારા મે તથા જૂન માસ દરમિયાન મુરબ્બી વિમલાતાઈ ઠકાર લિખિત તથા સ્વ. અરવિંદ દેસાઈ દ્વારા ભાષાંતર થયેલ પુસ્તક 'મન સાથે મૈત્રી'નું વાંચન કરવામાં આવે છે તથા હાજર સભ્યો ચર્ચામાં ભાગ લે છે.

*(અનુસંધાન પાન-૧૮ ઉપર)*


RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017 Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

Printed Matter Periodicals THEOSOPHIC JYOTI July–2022

To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## આપણો પુસ્તક પ્રેમ...




(પ્રસ્તુતિ : શ્રી પ્રવિણ માંડલિયા)

## ચૈતન્યમાં ડોકિયું

લેખક : શ્રી અનંતપ્રસાદ બક્ષી

ભાવાનુવાદ : શ્રી યોગેન્દ્ર દેસાઈ

આ પુસ્તકની પ્રથમ આવૃત્તી ૨૪મી માર્ચ, ૨૦૧૬ના રોજ રૂા. ૫૦ના પ્રતિ નકલ મૂલ્યથી બહાર પડી છે. ફેડ.ના હેડ ક્વાર્ડર્સ પરથી બુકસ્ટોલ મેનેજર શ્રી પ્રવિણભાઈ માંડલિયાનો સંપર્ક કરવાથી નકલ પ્રાપ્ત થઈ શકે છે.

પૂજ્ય બક્ષી સાહેબે થિયોસોફિકલ સોસાયટીનાં મુખ્ય મથક અડ્યાર મુકામે School of Wisdom ના વર્ગો લીધા હતાં. જેમાં વિષય હતો 'Windows into Consciousness'. તેના ત્રણ પ્રકરણો હતા. શ્રી યોગેન્દ્રભાઈએ આ પ્રકરણોનો ભાવાનુવાદ 'ચેતન્યમાં ડોકિયું' શીર્ષકથી રજૂ કર્યો છે. બક્ષી સાહેબનાં સંતાનો તરફતી પુસ્તક પ્રકાશન માટે જે અનુદાન મળ્યું છે તે માટે ગુજ. થિયો. ફેડ. વતી શ્રી યોગેન્દ્રભાઈ આભાર વ્યક્ત કરે છે. પુસ્તકનાં વેચાણની રકમમાંથી પણ બક્ષી સાહેબની અન્ય કૃતિઓનું પ્રકાશન ગુજ. ફેડ. કરશે તેવી આશા છે.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH